

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૯)

કલકત્તા
૨૩-૩-૫૬

ॐ

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... સોનગઢ.**
**નિહાલચંદ્રના ધર્મસ્નેહ.**

કલકત્તાથી એક ભાઈ ત્યાં (સોનગઢ) ગયા હતા, તેમણે આપના સમાચાર જણાવ્યા હતા. વિદ્વત્ પરિષદ ઉપર ત્યાં પહોંચવાનો નિશ્ચય કર્યો હતો, તે પણ થોડાક સમય માટેનો અર્થાત્ એક અઠવાડિયા સુધી ત્યાં રહેવાનો. તે પ્રોગ્રામ બદલાઈ જવાથી રોકાવાનું થયું. કંઈક યોગ જ એવો છે ને પૂર્વ કર્મ પણ એવાં છે કે, ઉત્કૃષ્ટ સંયોગથી વંચિત રહેવું પડે છે. સૌથી પહેલાં સોનગઢ ગયો હતો ત્યારે જ તીવ્ર ભાવના હતી કે ત્યાં કોઈ મકાનની વ્યવસ્થા કરીને નિરંતર 'ગુરુદેવ'નાં ચરણોમાં લાભ મેળવ્યા કરું, પરંતુ યોગ એવો છે કે, હમણાં તો વર્ષોથી પણ દર્શન થઈ શક્યાં નથી. આ મહિનામાં તો ત્યાંના સંસ્મરણો વારંવાર પ્રબલતર થતાં રહ્યાં છે અને પરિષદ્ ઉપર પહોંચવાનો યોગ પણ ન બન્યો. જો કે મને પરિષદ્ ઉપર અધિક પ્રેમ નહોતો છતાં પણ સુયોગ સમજીને સમય પસંદ કર્યો હતો. એવી સ્થિતિમાં પત્ર લખવાનો વિચાર થતાં લખાઈ રહ્યો છે.

જે આત્મદ્રવ્યમાં પરિણામ માત્રનો અભાવ છે, તેમાં હું જામી ગયો છું. પરિણમન સહજ જેમ થતું હોય તેમ થવા દો. હે 'ગુરુદેવ' ! આપનાં આ વચનોએ અપૂર્વ નિશ્ચળતા ઉત્પન્ન કરી દીધી છે. ચંચળતા અને નિશ્ચળતા તો પરિણામમાં છે, હું નિત્ય છું, મારામાં તે નથી. આવો અનુભવ અપૂર્વ છે. ક્ષણે ક્ષણે પરિણામમાં નિરાકુળતા વૃદ્ધિ પામે છે.'

'તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો;
ગુરુ આજ્ઞાએ થાશું તેહ સ્વરૂપ જો.'

સમ્યક્‌પુરુષાર્થથી અથવા તો પુણ્યયોગ થતાં અનુકૂળતા પામીને રાગ તૂટે અથવા પુણ્યના અભાવમાં વીતરાગતા વધતાં રાગ તૂટે. રાગ તૂટવો નિશ્ચિત છે કેમકે શ્રદ્ધાએ રાગ-અરાગ રહિત સ્વભાવનો આશ્રય લીધો છે અને વીર્યની ક્ષણે ક્ષણે એ તરફ જ સહજ ઉન્મુખતા હોવાથી જ્ઞાન-આનંદમયી અરાગી પરિણામ જ વૃદ્ધિગત થશે. આ નિયમ પ્રત્યક્ષ અનુભવ-ગમ્ય છે.

અત્યારે રાતના આઠ વાગ્યા છે. મંદિરજીમાં જવાનો સમય થયો છે તેથી બંધ કરું છું. બધાને ધર્મસ્નેહ કહેજો.

**ધર્મસ્નેહી**
**નિહાલચંદ્ર**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૬, વર્ષ-૨૩, મે-૨૦૧૮

## અષાઢ સુદ ૮, રવિવાર, તા.૨૬-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૦, પ્રવચન-૧૮

૫૦મી ગાથા. ૪૯માં એમ આવ્યું હતું. આ 'યોગસાર' છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ, એમણે ૪૯માં કહ્યું કે, આ આયુષ્ય ઘટતું જાય છે છતાં તૃષ્ણા ઘટતી નથી. આયુષ્ય ચાલ્યું જાય છે અને તૃષ્ણા ઘટતી નથી, વધે છે. કેમકે એને આત્માના સ્વભાવનો પ્રેમ નથી. સમજાણું કાંઈ? આત્મા એ એક કોર રામ અને એક કોર ગામ. એક કોર આત્મા સચ્ચિદાનંદ અનાકુળ આનંદકંદ પદાર્થ છે અને એક બાજુ પુણ્ય-પાપના વિકલ્પ, રાગ, શરીર, વાણી, કર્મ અને બાહ્ય સામગ્રી છે. જેને બાહ્ય સામગ્રી ઉપર પ્રીતિ (છે) તેને તૃષ્ણા વધી જાય છે.

ભગવાનઆત્મા શુદ્ધ સંતોષનો પિંડ આનંદનો કંદ છે. એવા આત્માના અંતર પ્રેમ વિના બહારની ચીજના પ્રેમથી, પછી અંદર શુભરાગનો, પુણ્યનો પ્રેમ હો તોપણ એ તૃષ્ણાને વૃદ્ધક જ એ પ્રેમ છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે, આયુષ્ય ચાલ્યું જાય છે છતાં મન ગળતું નથી, તૃષ્ણા ઘટતી નથી. કેમ ઘટતી નથી? કે, પરમાં તેનો પ્રેમ ઘટતો નથી. ત્યારે હવે કહે છે કે (એ) કેમ ઘટે?

મુમુક્ષુ :- આટલું આટલું સાંભળે ને પ્રેમ ન ઘટે?

ઉત્તર :- ઈ ના પાડે છે. ગુરુનું સાંભળે અને સમજે નહિ તો એ સાંભળ્યું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ઈતો પોતા ઉપર છે ને

ઉત્તર :- કોના ઉપર છે? ઈ આવશે, ઓલા ૫૨ માં (આવે છે ને)? શેમાં? ૫૩ માં આવે છે ને? શાસ્ત્રપાઠ આત્મજ્ઞાન વિના નિષ્ફળ છે. ગુરુ પાસે સાંભળે તોપણ નિષ્ફળ છે. એ આત્માના અંતરની દૃષ્ટિ વિના, આત્માના અંતરના આનંદના પ્રેમ વિના, એના અનુભવ વિના ગુરુ પાસે સાંભળે કે શાસ્ત્ર ભણે બધું નિષ્ફળ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં આનંદનો કંદ છે. આહાહા..! આનંદનું સરોવર છે. સમજાણું કાંઈ? જેમ ઝાંઝવામાં પાણી નથી પણ સરોવરમાં પાણી છે, એમ જગતના કોઈ પદાર્થમાં આત્માને સુખ નથી, આત્મામાં સુખ છે. સમજાણું કાંઈ? એમ આત્મામાં અંદરમાં આનંદ છે એવો પ્રેમ કર્યા વિના, બહારના પ્રેમને લઈને એ અનંતકાળથી, ભલે એ શુભરાગ દયા, દાન, વ્રતના પરિણામ હો, પણ ભગવાનઆત્માથી વિરુદ્ધ પરિણામનો પ્રેમ, એને તૃષ્ણા વર્ધક છે. પંડિતજી! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા... એ કહે છે. આત્માનો પ્રેમી નિર્વાણનો પાત્ર છે. છે? જુઓ!

**जेहउ मणु विसयहँ रमइ तिसु जइ अप्प मुणेइ।**
**जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ।।५०।।**

બહુ ટૂંકી ભાષા. યોગી મહાત્મા 'યોગીન્દ્રદેવ' સંત દિગંબર મહાત્મા છે. કહે છે કે, હે યોગી! હે

આત્માનું જોડાણ કરનાર પરનો પ્રેમ છોડી પુણ્ય-પાપનો, શરીર, વાણી, મન, સારી દુનિયા આત્મા સિવાય બધો પરનો પ્રેમ છોડીને જેને આત્મા આનંદકંદનો પ્રેમ લાગ્યો એને અહીંયાં યોગી, એને અહીંયાં ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, હે ધર્મી! **'જેમ મન વિષયોમાં રમણ કરે છે...'** તારું મન જેમ પાંચ ઇન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધમાં રુચિ કરીને રમે છે... સમજાય છે? આત્મા અંતર જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ સિવાય જે મન અંતરના આત્માના પ્રેમ સિવાય, પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા, એની અંતર જેને રતિ, રુચિ અને પ્રેમ નથી એને પુણ્ય અને પાપ ને બંધ ને એના ફળમાં એનો પ્રેમ છે. તો કહે છે કે, જેવો પ્રેમ તને પરમાં છે એવો પ્રેમ જો આત્મામાં કર (તો) અલ્પ કાળમાં તારી મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?



**'जेहउ मणु विसयहँ रमइ'** વિષય શબ્દે, એકલા ભોગ આદિ એમ નહિ, આત્મા સિવાય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બધા, હોં! આહાહા..! જેવો શાસ્ત્રના શબ્દોનો સાંભળવાનો પ્રેમ છે એ પ્રેમ પણ પરમાં જાય છે. આહાહા..! જેવો પ્રેમ એને શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં, સ્પર્શમાં, દેવ-ગુરુ-શાસ્ત્રમાં કે સ્ત્રી, કુટુંબ, પરિવારમાં કે આત્મા સિવાય કોઈપણ કર્મ અને શરીરાદિમાં જેવું મન ત્યાં લીન થઈને રમે છે,... અહીં એમ કહેવું છે કે, એ તારો જ પુરુષાર્થ છે કે જ્યાં પરમાં તું રમે છે, એમ કહે છે. એમાં અહીં કંઈ કર્મ-બર્મને યાદ કર્યું નથી. સમજાણું કાંઈ? છે ને?

**'જેમ મન વિષયોમાં રમણ કરે છે. જો તેવી જ રીતે આ મન આત્માના જ્ઞાનમાં રમે તો...'** એક જ સિદ્ધાંત છે. ભગવાનઆત્મા પૂર્ણ શાંત, આનંદનો રસ (છે), એનો જેને પ્રેમ લાગ્યો નથી અને જેને પ્રેમ આ બાહ્ય પદાર્થમાં ઉલ્લસિત વીર્યથી જ્યાં અટક્યો છે, કહે છે કે, જેવા ભાવે પરમાં પ્રેમથી અટક્યો છે (એ) તારા ઊંધા પુરુષાર્થથી (અટક્યો છો), કર્મ કારણે નહિ, કોઈ કારણે નહિ. ભગવાનઆત્મા અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ, એના પડખે પ્રેમ છોડી દઈને, એની બહારની ચીજના પ્રેમમાં જેવું મન લીન થઈ ગયું છે, એવું લીન તારા ઊંધા પુરુષાર્થથી તેં કર્યું છે. એવો જ ઊંધો પુરુષાર્થ જેમ આમ કર્યો એમ જો ગુલાંટ ખા, ગુલાંટ નામ આત્મામાં આનંદમાં પ્રેમ કર તો ક્ષણમાત્રમાં તારી મુક્તિ થાય. સમજાણું કાંઈ?

'તુલસીદાસ' કહે છે, 'જૈસી રીતિ હરામ સે, તૈસી હરિ સે હોય, ચલા જાય વૈકુંઠ મેં, પલા ન પકડે કોઈ' આવે છે કે નહિ? 'જૈસી રીતિ હરામ સે' પૈસો પાંચ રૂપિયા મળે, દસ રૂપિયા મળે, બાયડી અનુકૂળ બોલે ત્યાં એવો (ફૂલાય કે) આહા..! આખો હોમાઈ જાય, આખો હોમાય જાય! સ્વાહા! શેમાં? એ પુણ્ય ને પાપ ને રાગ ને તૃષ્ણામાં સ્વાહા (થઈ જાય). એમાં ભગવાનના ધૂમાડા થાય. આહાહા..! ભાઈ!

ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા (છે). એના પ્રેમને છોડીને જેવી લીનતા પરમાં લાગી એવી

લીનતા જો તારામાં કર, એ તારા અધિકારની વાત છે. કર્મ ઘટે અને ફલાણું થાય એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! અહીં તો ભાઈ! કર્મને યાદેય કર્યા નથી. તું આમ (રમે છે) એવો આમ રમ, એમ કીધું છે. આ કહે છે, કર્મ એને નડે છે, કર્મ ઘટે તો કાંઈક મોક્ષનો માર્ગ થાય. આહાહા..! ભાઈ! તારા શાંતરસનો તને પ્રેમ નથી. સમજાય છે કાંઈ?

'આનંદઘનજી' એક ઠેકાણે કહે છે, આપણે આવે છે, નહિ? 'નિર્જરા અધિકાર'માં. જ્યાં રતિ. 'નિર્જરા અધિકાર'. ૨૦૬ (ગાથા). એક વાર કરી હતી, 'પાલીતાણા'માં કરી હતી, એક વાર 'અમદાવાદ'માં કરી હતી. રતિ.. રતિ. હે આત્મા! આત્મામાં રતિ કર. આત્મામાં રતિ કરનો અર્થ આ દેહની ક્રિયા મને લાભદાયક છે, પુણ્ય-પાપના પરિણામ મને લાભદાયક છે (એમ જે માને છે) એને આત્મામાં રતિ છે નહિ. સમજાણું કાંઈ? તારો પ્રેમ પરે લૂંટી લીધો છે. એક અનુકૂળ જરી આબરૂ હોય, બહાર પડવાનું હોય, બહારમાં એના વખાણના ગાણા ગાય, બહાર પડવા માટે મથી જાય તે મથી જાય. આખી જિંદગી જાય. પાંચ-પાંચ, પચીસ-પચીસ વર્ષ પૈસા રળવામાં, એની વાસનામાં, એને બહાર પડવામાં, એની ખુરશી મોઢા આગળ લેવામાં કેટલો પ્રેમ કે જીવન આત્માને ખોઈ, આત્માને ખોઈ અને ખોવાઈ જાયને પણ પરનો પ્રેમ છોડતો નથી. કહો, ભાઈ!

મુમુક્ષુ : લૂંટારા પ્રેમ લૂંટી જાય એમાં ઈ શું કરે?

ઉત્તર : ઈ લૂંટાય છે. લૂંટે કોણ? આહાહા!

જેવું મન.. સમજાય છે? એ કીધું ને, રતિનું? 'આનંદઘનજી' એક ઠેકાણે કહે છે. 'કહાં દિખાઉં ઔરકો કહાં દિખાઉં ભોર, તીર અચૂક હૈ પ્રેમ કા લગે રહે કો છોડ, કહાં દિખાઉં ઔર કો' આ આત્માનો પ્રેમ, આત્મા શુદ્ધ ચૈતન્ય, એની અંતરની રુચિના પ્રેમને બીજાને શું કહીએ? કહે છે. અને 'કહાં દિખાઉં ભોર' એના પ્રકાશની મહિમા કોને દેખાડીએ? 'તીર અચૂક હે પ્રેમકા' એ અચૂક તીરનો પ્રેમ લાગ્યો અંદર ભગવાનઆત્મા ઉપર. 'લાગે રહે સો ઠોર' એ આત્માનો પ્રેમ થયો (એટલે) ત્યાં ને ત્યાં એની રુચિ વારંવાર જાય છે. સંસારના પ્રેમીઓ સંસારની કોઈપણ વિવિધ પ્રકારની ચીજો દેખીને (તેમાં પ્રેમ કરે છે). સમજાણું કાંઈ? ખાવા બેઠો હોય અને વિવિધ પ્રકારની વાનગીઓ ખાવાની પીરસે (તો) ત્યાં ને ત્યાં એને લક્ષ રહે. આ શું આવ્યું? ચાવલ આવ્યા. શું કહેવાય તમારે? ચાવલને શું કહેવાય? તમારા છોકરા ચોખા ખાય એ શું? આ કેરીને સાથે અહીં નહોતા આપતા? ચેવડો. એ વિવિધ વાનગી આમ જોવે કે, આમાં ચેવડો આવે છે? આમાં કેરીના કટકા આવે છે? આમાં આ મોસંબીનું પાણી મૂક્યું છે કે ઓલું પાણી મૂક્યું છે? એ વિવિધ વાનગીનો પ્રેમ છે (એટલે) ત્યાં જોયા કરે. સમજાણું કાંઈ?

એમ આત્મા સિવાય વિવિધ પ્રકારના પુણ્ય-પાપ ને પુણ્ય-પાપના બંધન ને બંધનના અનુકૂળ-પ્રતિકૂળ બાહ્ય ફળ, મૂઢ બહારની પ્રીતિના પ્રેમમાં ભગવાનઆત્માની પ્રીતિ ખોઈ (બેઠો) છે. ભલે બહારમાં ત્યાગી થયો હોય પણ અંતરમાં જેને બાહ્યના રાગમાં પુણ્ય, દયા, દાનના વિકલ્પ ઊઠે છે, એનો જેને પ્રેમ છે એ પૂર્ણ ભોગી છે, યોગી નથી એમ કહે છે. આહાહા..! હે જોગિયા! કીધું ને? હે જોગીડા! આહાહા..!

ભગવાનઆત્મા અંદર પરમાત્માના તેજ ને નૂર ને આનંદથી ભરેલું તારું તત્ત્વ છે, એના પ્રેમમાં એક ક્ષણ પણ પ્રેમ કર તો તારો સંસાર જન્મ-મરણનો નાશ થઈ જાય. એવો જેનો પ્રેમ! એવો પરમાત્મા અંદરમાં તું બિરાજે છો. પણ જેવો પ્રેમ પરમાં લીનતા એવો પ્રેમ જો આમાં કરે તો ક્ષણમાં સમ્યગ્દર્શન, જ્ઞાન પામીને મુક્તિ થયા વિના રહે નહિ. છે ને?

**'જેમ મન વિષયોમાં રમણ કરે છે જો**

**તેવી જ રીતે આ મન આત્માના જ્ઞાનમાં રમે તો...**' '**तिसु अप्प मुणेइ।**' એમ શબ્દ છે ને? આત્મા, ભગવાનઆત્મા. જેના તેજના એક સમયના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક વિવિધ એક તત્ત્વ સિવાયના જેટલા તત્ત્વો છે, એ બધા આત્માની એક સમયની દશામાં જણાય એવા તત્ત્વો છે. છતાં એ તત્ત્વો મારા છે એમ જણાય નહિ. એવા આત્માના ચૈતન્યના પ્રેમમાં જો આખી દુનિયા તને અંદરમાં પ્રેમ વિનાની (દેખાશે), એનો પ્રેમ ક્યાંય લાગશે નહિ. જ્ઞાતા-દ્રષ્ટા થઈ જગતની ચીજોને જાણનાર-દેખનાર થઈશ. એ જાણનાર-દેખનાર થયો એને પુણ્ય અને પાપના ભાવમાં પણ પ્રેમ ઊડી ગયો. પછી આ સાધન મને અનુકૂળ છે અને આ સાધન પ્રતિકૂળ છે, એવું આત્માના સ્વભાવના પ્રેમમાં એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**મન આત્માના જ્ઞાનમાં રમે તો શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરી લે.**' તો અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને મુક્તિને પામે.

'યોગીન્દ્રઆચાર્ય' યોગી નામ ધર્માત્મા. યોગી એટલે જેનું વલણ બાહ્યના વલણથી છૂટ્યું છે અને જેના વલણદિશા આત્મા તરફ વળી છે. એવા ધર્મી સમ્યગ્દ્રષ્ટિથી માંડીને (બધા ધર્માત્મા) જીવોને કહે છે કે, અરે! '**મનને દ્રઢતાથી પોતાના આત્મામાં રમાડવું જોઈએ. તો જ વીતરાગતાના પ્રકાશથી શીઘ્ર નિર્વાણની પ્રાપ્તિ થશે.**' પહેલું પદ લઈ લીધું. કેમકે 'આત્મવીર્યના પ્રયોગથી જ દરેક કામનો પુરુષાર્થ થાય છે.' એમ કહે છે, જુઓ! '**અજ્ઞાની જીવ પાંચેય ઇન્દ્રિયોના વિષયોમાં જેટલી આસક્તિથી રમે છે...**' એ પણ વીર્યથી છે, એમ કહે છે. તારા ઊંધા પુરુષાર્થથી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં એકાકાર (થાય છે). અરે...! વાણી સાંભળવામાં એકાકાર (થઈ જાય) એ પણ તારા પુરુષાર્થની ઉગ્રતા ઊંધી પરમાં છે, એમ કહે છે. હેં? 'ભાવનગર'થી સાંભળવા આવે છે.

વીતરાગ એમ કહે છે કે, સાંભળવાના પ્રેમને પણ છોડ. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય.. હરણની ડૂંટીમાં કસ્તૂરી પણ એને કસ્તૂરીની ખબર નથી. એમ આ આત્મા અતીન્દ્રિય આનંદનું સરોવર, સરોવર, દરિયો અંદર છે. આહાહા..! એના પ્રેમને છોડીને પરમાં એકાકાર હોમાઈ ગયો છો તો એકવાર ગુલાંટ ખા. પરનો પ્રેમ છોડીને અહીં પ્રેમ કર. તારો પ્રેમ કર તો પરમાત્મા થયા વિના રહીશ નહિ. આહાહા..! કહો ભાઈ! સમજાણું?

પાંચ ઇન્દ્રિયાના દાખલા આપ્યા છે ને? હાથી જેમ સ્પર્શમાં વશીભૂત થઈ ગયો છે ને? હાથી સ્પર્શ ઇન્દ્રિયમાં વશીભૂત થઈ ગયો છે. માછલું રસમાં (વશીભૂત થયું છે). માછલાને (ખાવામાં) રસ હોય છે ને? ખાવામાં જરી લોટ આપે તોપણ એમાં રસ (આવે). માછલાને કાંટામાં નાખે ને? પાણીમાં લોઢાનો કાંટો હોય ને? એમાં લોટ નાખે. લોટ ખાવા આવે તો માછલાને અહીં ગરી જાય. એમ લીન થઈ ગયો છે. માછલું રસમાં લીન થઈ ગયું છે. ભમરો કમળમાં (લીન થયો છે). કમળ આવડું હોય એમાં બિડાઈ જાય, બંધ થઈ જાય. રસલીન થઈ ગયો છે. પછી હાથી આવીને આખું કમળ ખાઈ જાય, પણ એના પ્રેમને છોડતો નથી અને પતંગિયું દીવાની જ્યોતમાં (લીન થાય છે). લ્યો! સમજાણું? પતંગિયું દીવાની જ્યોતમાં ભસ્મ થઈ જાય છે. આમ બત્તી દેખે તો.. આમ જાય. વિષયના પ્રેમમાં આખું શરીર ભસ્મ થાય તોપણ એને ખબર રહેતી નથી. કહે છે કે, એવો પ્રેમ જો આત્મામાં કર, એ પણ તારા પુરુષાર્થની ગતિનું જ કાર્ય છે. શરીર ભસ્મ નામ, શરીરને ગમે તે થાઓ પણ તને ત્યાં નુકસાન થશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મૃગલાં જંગલમાં પકડાય છે. લ્યોને! કાનના શોખીન છે ને? સાંભળવાના. એવા લીન થઈ જાય ને આમ! વીણા વગાડે છે. પછી મૃગને મારે. મૃગ આમ સાંભળવા બેઠો હોય. મારે આમ મુક્કો. લીન થઈ ગયો છે, લીન, કહે

છે. સમજાય છે?

**'દિવસ રાત આત્માનું જ સ્મરણ કરવું જોઈએ.'** કહે છે, જેમ એ પાંચ ઇન્દ્રિયના વિષયમાં, એક એકમાં જેમ પાંચેય લીન છે, એમ આત્મામાં એને લગની લાગવી જોઈએ. સમ્યગ્દર્શનમાં એની લગની લાગે. સમ્યગ્દર્શન એને કહીએ કે, આત્મા અખંડાનંદ મૂર્તિ એની એને અંદર લગની હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : બીજા રસનું વેદન તો એને ખ્યાલમાં છે.

ઉત્તર : ખ્યાલમાં છે પણ આ ચીજ છે કે નહિ આમ? ખ્યાલમાં શું એણે ઊભું કર્યું છે. ન્યાં ક્યાં ખ્યાલમાં છે? ક્ષણે ક્ષણે નવું ઊભું કરીને આ. આ છે. ત્રિકાળી આમ છે એનું એને લક્ષ નથી. ક્ષણે વેદનાર છે કોણ? ત્રિકાળી પોતે છે. વાત (એ છે કે) એને પડખું ફેરવતા આવડતું નથી.

ભગવાનઆત્મા, જેવો પ્રેમ ત્યાં (છે)... આ વેશ્યાની આસક્તિ (હોય છે), પરસ્ત્રીના લંપટીઓ કેટલા આસક્ત હોય, જુઓને! હેં? આહાહા! જુઓને એક આવે છે ને? ઓલા 'સૂરદાસ'નું નથી આવતું? પેલા હતા ને? વેશ્યા પાસે જતા. સર્પ હતો. વેશ્યાના ઘરે જતા સર્પ (હતો). એને એમ કે દોરડું છે, એમ ધારીને સર્પને પકડીને અંદર ગયો, ઉપર ચડી ગયો. હેં? સર્પ છે કે દોરડું, ભૂલી ગયો. વેશ્યાના પ્રેમમાં.. આવે છે કે નહિ? 'શશીભાઈ'! અમે તો બધું સાંભળેલું, અમે કંઈ એવું વાંચેલું નહિ. એવો પ્રેમ! પછી એણે આંખ્યું ફોડી નાખી. પણ આંખ્યું ફોડ્યે શું થાય? સમજાણું? આપણે આ રૂપ ન દેખવું. આ રૂપ (ન દેખાય માટે) આંખ્યું ફોડી નાખો. પણ આંખ્યું ક્યાં નડે છે? એ તો જડ છે. તારો પ્રેમ પરમાં છે, એને છોડવા અંતરના પ્રેમને કર ત્યારે બહારની આંખ્યું ફોડી કહેવાય. આંખ્યું બહારનું શું કામ છે ન્યાં? આહાહા..!

કહે છે, **'આત્માના રસમાં એવા રસિક થઈ જવું જોઈએ કે માન, અપમાન,...'** ઘણા બોલ લીધા છે ને? જીવન-મરણ, કાંચન સુખમાં સમાન ભાવ રાખવો જોઈએ. **'જેમ ધતૂરો ખાનાર દરેક જગ્યાએ પીળો રંગ દેખે છે...'** જુઓ! ધતૂરો પીવાવાળો બધી ચીજને પીળી દેખે, એમ ધર્મીને બધી ચીજ અનિત્ય અને ક્ષણિક દેખાય છે. એક નિત્યાનંદ ભગવાનઆત્મા દૃષ્ટિમાં આવતા બધી ચીજો ક્ષણિક, નાશવાન (છે), હું અવિનાશી આત્મા (છું), એક અવિનાશી હું છું બાકી બધું નાશવાન છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધ નિશ્ચયનયથી તેને જેવી રીતે પોતાનો આત્મા પરમાત્મરૂપ શુદ્ધ દેખાય છે, તેવી જ રીતે દરેક આત્મા પરમાત્મારૂપ શુદ્ધ દેખાય છે.'** નિશ્ચયથી, હોં! નિશ્ચયદૃષ્ટિ જેવો આત્મા પોતાનો પુણ્ય-પાપના રાગ વિનાનો જણાય એવી જ દૃષ્ટિથી બીજા આત્માને પણ તે જોવે. એનો આત્મા એ પુણ્ય-પાપના રાગ, શરીર, કર્મ વિનાનો તેને આત્મા જાણે છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા ભગવાન શુભ-અશુભ રાગ, બંધન અને ફળ રહિત છે એવી દૃષ્ટિ જ્યાં ધર્માત્માને (થઈ), યોગસાર એટલે આત્માના યોગની થઈ, ઈ બીજા આત્માને (પણ તેમ જ દેખે છે). એ આત્મા તરીકે તો આને સ્વીકારે છે. બીજા આત્માઓ પણ પુણ્ય-પાપના રાગવાળા એમ નહિ. પુણ્ય-પાપનો રાગ તો આસ્રવ છે, કર્મ, શરીર તો અજીવ છે. એનો આત્મા છે એ તો જ્ઞાનાનંદ અખંડાનંદ પ્રભુ છે, એમ ધર્મી પોતાના આત્માને જેમ નિર્વિકારી ભાળે છે એમ બીજાના આત્માને એની સ્થિતિને નિર્વિકારી દેખે. સમજાય છે કાંઈ? આહાહા..! શરીર દેખે, પણ એ તો જડ છે, એમ દેખે. એના પુણ્ય-પાપને જાણે પણ એ તો વિકાર છે એમ જાણે. એનેઆત્માને જાણે તો નિર્વિકારી આત્મા છે એમ એને જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

**'લોક એક શુદ્ધ આત્મિક સાગર બની જાય છે. તે જ આત્મસાગરમાં તે આત્મજ્ઞાની**

**એક મહામત્સ્ય થઈ જાય છે.**' એમ કે, આત્માના આનંદમાં પોતે શુદ્ધના પ્રેમમાં પડ્યો છે ને (એટલે) બધા આનંદમય આત્મા છે એમ ભાસે છે. પોતે જગતના આનંદરૂપી સાગરનો જાણે માછલું હોય, મત્સ્ય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જ્ઞાની જીવ એવા આત્મરસિક થઈ જાય છે કે ત્રણ લોકની સંપદા તેને જીર્ણ તૃણ સમાન દેખાય છે.**' સમજાણું? એ વાત કરી. પછી તો ખૂબ લખ્યું છે.

'પૂજ્યપાદસ્વામી'નું આવે છે ને? 'મોક્ષાર્થીને માટે ઉચિત છે...' મોક્ષના અર્થીને એ ઉચિત છે કે, '**આત્મજ્યોતિના વિષયમાં પ્રશ્ન પૂછવા...**' પ્રશ્ન કરે તો આત્મા કેવો? આત્મા કેમ પ્રાપ્ત થાય? આત્મામાં શું છે? આત્મા પ્રાપ્ત થાય તો કઈ દશા એને થાય? સમજાય છે કાંઈ? આત્માર્થી-મોક્ષાર્થીએ આવા પ્રશ્ન કરવા જોઈએ. આહાહા..! હેં?

મુમુક્ષુ : અમારું દુઃખ ક્યારે મટશે એમ (પ્રશ્ન કરવા જોઈએ)

ઉત્તર : દુઃખ મટે આ. આત્માનું દુઃખ ક્યારે મટે? એમ. દુઃખ કયું આ બાયડી-છોકરાનું દુઃખ છે? આહાહા..! ઓલામાં 'અનુભવ પ્રકાશ'માં દાખલો આપ્યો છે, નહિ? પાનીમેં મીન પ્યાસી, મુને સુન સુન આવત હાંસી રે.., પાની મેં મીન પ્યાસી.' પાણીમાં મીન પ્યાસી. 'અનુભવ પ્રકાશ'માં દાખલો આપ્યો છે ને? બીજામાં ઈ ભજન છે. એક માણસ હતો. ઈ કહે, મને આત્મજ્ઞાન આપો. એક માણસ એક સાધુ પાસે ગયો, (જઈને કહ્યું), મને આત્મજ્ઞાન આપો. ત્યારે (સાધુ) કહે, 'મારી પાસે તો નથી, પણ દરિયામાં એક માછલું છે એની પાસે જા, માછલું તને આપશે.' (ત્યાં) માછલાને કહે (છે) 'ભાઈ! તમે તો મોટા પુરુષ છે. અમને કોઈકે કહ્યું કે, તમે (આત્મજ્ઞાની છો).' (ત્યારે) માછલું કહે (છે), 'હા, તમે મોટા પુરુષ છો કે મને અહીં શોધવા આવ્યા. માછલું એમ કહે છે. મારું એક કામ કરો.' શું? માછલી કહે છે, 'મને થોડુંક પાણી લઈ આવી દ્યો. તરસ્યો છું. ઘણા વર્ષથી તરસી છું. એક પાણીનો પ્યાલો લઈ આવી દ્યો.' પાણીનો પ્યાલો શું કરવો છે? આ પાણી નથી ભર્યું આ બધું? (માછલી કહે છે), પાણી ભર્યું છે એમ તમે કહો છો? ત્યારે તમે આત્મા જ્ઞાનરૂપ નથી ભર્યા? તમે ક્યાં અંદરથી ચાલ્યા ગયા છો. હેં? માછલી ઓલાને કહ્યું, 'મારી માટે પાણી લાવી દ્યો. પછી હું તમારી પીપાસ ....' પાણી તો તારી પાસે છે, આ રહ્યું, દરિયો જો! તો તું કોણ છો ત્યારે? આ પૂછનાર, જાણનાર છે કોણ? માછલું આમ (બહાર) નજર કરે એટલે પાણી દેખાતું નથી. આમ (અંદર) નજરે દેખાય. એમ આ અનાદિનો આત્મા પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દેહાદિ ક્રિયા બહારને દેખે છે પણ અંદરમાં ચિદાનંદ જળથી ભરેલો દરિયો એને દેખતો નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એ પાણીમાં મીન પ્યાસી. ભાઈ! એમ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અનાકુળ આનંદ અને જ્ઞાનનો દરિયો અંદર છે, પણ નજર કરે તો ને? એને નજર કરવાનો વખત મળતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? માટે કહે છે, એ આત્માના પ્રશ્ન કરવા, આત્માની '**ઈચ્છા કરવી...**' આત્માના '**દર્શન કરવા.**' એની લગની લગાડવી. બીજી લગની છોડી દઈ, વિકાર ને ફળ અને ફલાણાની, આવું પુણ્ય કર્યું ને એનું ફળ શું આવશે? મૂકને હોળી હવે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ મૂર્તિ છે, અનાકુળ આનંદનો દરિયો છે, ત્યાં જો. ત્યાં તને શાંતિ વળે એવું છે. બહારની ક્રિયાકાંડમાં ક્યાંય ધૂળેય નથી. સમજાણું કાંઈ? એ દયા, દાન, ભક્તિના પરિણામ એ બધા રાગના ભાવ છે, એ રાગમાં આત્મા નથી. એમાં ધર્મ નથી અને રાગમાં આત્મા પણ નથી. એનો પ્રેમ છોડીને આત્માનો પ્રેમ કર. હવે (૫૧ (ગાથામાં) જરી શરીરની જીર્ણતા બતાવે છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૯૫૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૨-૦૬-૧૯૮૫, પ્રવચન નં. ૫૬૮ (વિષય : વિધિ)**

**કંચન, કામિની ને કુટુંબ એ ત્રણ છોડો તો ધર્મ થશે. એમ અજ્ઞાની કહે છે. તે છૂટાં જ પડેલાં છે, તેને હું છોડું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આત્મા તેનાથી પર છે ને રાગદ્વેષરહિત છે એવા આત્માનાં ભાનપૂર્વક રાગ છૂટે તો કંચન, કામિની ને કુટુંબનાં નિમિત્ત છૂટ્યાં એમ કહેવાય. નહિતર નિમિત્ત પણ છૂટ્યાં કહેવાતાં નથી. સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે. બાહ્ય ત્યાગ તે ચારિત્ર નથી. અજ્ઞાની કહે છે કે બાહ્ય વસ્તુ છોડો તો અંતરમાં રાગ છૂટશે, પણ તે વાત ખોટી છે. ૯૫૪.**

**ગતાંકથી ચાલુ....**

મુમુક્ષુ :- આપણામાં તો એ ગુણ છે નહિ અને બીજામાં એ ગુણ ત્યાગનો, વૈરાગ્યનો હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ પણ એ ત્યાગનો ગુણ નથી ત્યાં. ગુણને ગુણ માનવો. અવગુણને કેમ ગુણ મનાય? આપણામાં દોષ હોય તો આપણો દોષ આપણે સ્વીકારવો, આપણા દોષને આપણે નીંદવો, આપણા દોષનો આપણે ખેદ કરવો અને આપણા દોષ મટાડવાના આપણે પ્રયત્નવાન રહેવું પ્રમાણિકપણે, આપણા હિતની ખાતર. કોઈને માટે નહિ. બરાબર છે? હવે વાત રહી બીજાના ત્યાગની. બીજાને ત્યાગ યથાર્થ છે કે નહિ? એ યથાર્થ હોય તો જ સ્વીકારવો અને નહિતર સ્વીકારવો નહિ. નહિતર એ રસ્તે એ જાય છે એ રસ્તે તું ચાલ્યો જઈશ. તું એનું અનુમોદન કરીશ એટલે તું એ જ કરીશ. બીજું શું કરીશ?

મુમુક્ષુ :- ફસાઈ જવાય.

પૂજ્ય ભાઈશ્રી :- ફસાઈ જ જવાય. બીજું કાંઈ ન થાય.

મુમુક્ષુ :- આપણા કરતા તો સારા ને.

પૂજ્ય ભાઈશ્રી :- ના, બિલકુલ નથી એવું. એવું બિલકુલ વિચારવું જોઈએ નહિ. આપણાં કરતાં સારા નથી. બગડેલું દૂધ હોય તો છાશ કરતા સારું કે નહિ? છાશ છે એનાથી તૃષા છીપે. એ રોટલા સાથે ખાય તો રોટલો ગળે ઉતરે. પણ બગડેલા દૂધ સાથે કાંઈ ન તો તૃષા છીપાય કે ન તો આહાર કરાય. એમ છે. એવી રીતે કોઈ બાહ્ય ત્યાગના વ્યામોહથી, બાહ્ય ત્યાગને પ્રશંસા કરવા જેવો નથી. એ પ્રશંસા કરતાં બહુ મોટો દોષ છે પાછો.

મુમુક્ષુ :- થોડી તો નિવૃત્તિ લીધી છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- જરાય નિવૃત્ત થયો નથી. એ અસ્તિમાં આવ્યો, નિવૃત્તસ્વરૂપમાં વૃત્તિ ગઈ તો નિવૃત્ત થયો. નહિતર નિવૃત્ત થયો જ નથી ને. પછી ક્યાં પ્રશ્ન

છે? બહારના દેખાવથી છેતરાય છે તે બાહ્યદૃષ્ટિ જીવો છે, બાળજીવો છે કે જેને કાંઈ ખબર પડતી નથી આ વિષયની. એવી પરિસ્થિતિ છે.

હવે કહે છે કે '**સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે.**' ત્યાગ તો ચારિત્રના પ્રકરણમાં જાય છે ને? એટલે અહીંયાં ચારિત્રની સાથે સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને શું સંબંધ છે એ ચોખવટ કરે છે. ગુરુદેવના પ્રવચનોની બહુ સુંદર શૈલી આ છે કે એ ચારિત્રના, જ્ઞાનના, શ્રદ્ધાનના, પુરુષાર્થના, સુખના બધા પ્રયોજનભૂત મુદ્દાને ચર્ચા કરતી વખતે સમ્યગ્દર્શન-મિથ્યાદર્શનની વાત સાથે રાખે છે કે અહીંયાં સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને શું સંબંધ છે? આમ સાથે લે છે. અને એ વગર તે તે મુદ્દાની સત્યતા અને અસત્યતા નક્કી થાય એવું નથી. આમ છે. એ ક્યારે સાચું? ત્યાગ ક્યારે સાચો? પુરુષાર્થ ક્યારે સાચો? સુખ ક્યારે સાચું સુખ? જ્ઞાન પણ ક્યારે સાચું? એ બધી વાત સ્પષ્ટ કરી. એકે એક વાત. અને હજારો દૃષ્ટાંતથી અને સેંકડો પડખાઓથી. એક એક વાતના અનેક પડખા ખોલી ખોલીને. શ્રુતનો સમુદ્ર ઉછળેલો. અંદરમાંથી શ્રુતનો સમુદ્ર ઉછળેલો. એ વગર ભણ્યે બધું કાઢ્યું. અંદરમાંથી આત્મામાંથી કાઢ્યું છે.

મુમુક્ષુ :- કોઈ દિવસ આટલા વર્ષોથી કાંઈ આડી અવળી વાત નહિ. કોઈ કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તે (પ્રવચન) સાંભળો. ૩૦-૪૦ વર્ષ પહેલાનું પ્રવચન કાઢો નહિ. એકધારી વાત આવે. ઘણાં એમ કહે કે ગુરુદેવની વાત હવે બહુ સરસ આવે છે હોં! હવે શું બહુ સરસ આવે છે? પહેલેથી સરસ જ આવતી હતી. પણ એની સરસતા તને પહેલા લાગી નહોતી. હવે કાંઈક લાગવા માંડી છે. બાકી પહેલેથી જ સરસ છે. હમણાંથી કાંઈ ગુરુદેવની વાત બહુ સરસ આવે છે. હમણાં હમણાં કાંઈક (બહુ સારી આવે છે). પણ હમણાં નથી, ભાઈ એ તો પહેલેથી જ આવે છે. મૂળ જે ચીજ પકડી છે, સુંદરમાં સુંદર, સર્વગુણસંપન્ન, ભગવાન સર્વગુણસંપન્ન છે એનું ગ્રહણ કર્યું છે. એ આસને બિરાજમાન થયા છે. ભગવાનની ગાદીએ બિરાજમાન થયા છે. કહેતા. ભગવાનની ગાદીએ બેસીને વાત કરીએ છીએ. આમ કહેતા. ચોખ્ખે ચોખ્ખું કહેતા હતા. આ ભગવાનની ગાદીએ બેસીને કહેવાય છે. એમ કહેતા હતા. કેટલી નિઃશંકતા અને કેટલી પ્રતીતિ છે! પૂર્વ ભવ યાદ નથી પણ એમ કહે કે, અત્યારે સમવસરણમાં સીમંધર પરમાત્મા આમ ફરમાવે છે. એમ કહે. અનંતા તીર્થંકરોએ ભૂતકાળમાં આમ જ કહ્યું છે. એટલી નિઃશંકતા.

અહીંયાં ચારિત્રનો વિષય લીધો છે કે '**સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે.**' ચારિત્રના બે પ્રકારના પરિણમન છે. સ્વરૂપમાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર, સ્વભાવચારિત્ર છે અને સ્વરૂપથી બહાર ઉપયોગ ચંચળ થઈને બહાર જાય, પરિણામ બહાર જાય, અસ્થિરતા થાય તેને અચારિત્ર અથવા ચારિત્રનો વિકાર કહેવામાં આવે છે. વિભાવ કહેવામાં આવે છે. પરિણામ તો સ્વભાવિક અને વિભાવિક બે પ્રકારે છે. તો અહીંયાં સ્વરૂપલીનતા તે ચારિત્ર છે. એમ ન કહ્યું કે બાહ્ય ત્યાગ તે ચારિત્ર છે. વ્રત લીધું તે ચારિત્ર છે, મહાવ્રત લીધું તે ચારિત્ર છે, ત્યાગ કર્યો, સંયમ ધારણ કર્યો તે ચારિત્ર છે એવું કાંઈ ન કહ્યું. સ્વરૂપમાં લીનતા કરી તે ચારિત્ર છે.

ઊલટાનું એમ કહે છે કે '**બાહ્ય ત્યાગ તે ચારિત્ર નથી.**' લોકો જેને ચારિત્ર કહે છે તે તો ચારિત્ર નથી. અથવા બાહ્ય પદાર્થોનો ત્યાગ કરવાનો વિકલ્પ થયો તે પણ ચારિત્ર નથી. બાહ્ય પદાર્થનો ત્યાગ થયો તે તો આત્માનું ચારિત્ર નથી. કેમ કે તે તો આત્માનું પરિણમન નથી. એ તો બાહ્ય પદાર્થનું પરિણમન છે. પણ એ ત્યાગનો વિકલ્પ થયો તે ચારિત્ર ખરું કે નહિ? એ પણ ચારિત્ર નથી. સંયમ પાળવાનો વિકલ્પ થયો તે ચારિત્ર? નહિ, તે પણ ચારિત્ર નથી એમ કહે છે. સ્વરૂપમાં લીનતા થવી તે ચારિત્ર છે. આ ચારિત્ર નથી. રાગ છે તે ચારિત્ર નથી. રાગ તો અચારિત્રભાવ છે. અશુભરાગ તો નિર્વિવાદપણે અચારિત્રભાવ છે પણ સંયમ આદિનો શુભરાગ પણ અચારિત્રભાવ છે. એટલે તો લોકો ભડક્યા.

સંપ્રદાયના વાડાના જીવો ભડકી ગયા કે આ શું કહે છે કાનજીસ્વામી? અમે જાવજીવ બ્રહ્મચર્ય, આજીવન બ્રહ્મચર્ય બાળપણથી બ્રહ્મચર્ય પાળીએ અને એ બ્રહ્મચર્ય ધર્મ નથી? એ બ્રહ્મચર્ય ખરો સંયમ નથી? આ વાત કેમ અમે માનીએ? ઊભો રહે તું. છે એની અંદર કાંઈક મર્મ કહેવા માગે છે. તેં શુભરાગ અનંત વાર કર્યો છે પણ એમાં આત્માને શાંતિ પ્રગટી નથી. અથવા એ આત્માનો ધર્મ નથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એ ધર્મ નથી. બ્રહ્મે ચરતિ ઈતિ બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આત્મા ત્યાં છે. એનું નામ બ્રહ્મચર્ય લીધું. બહારનો રાગ એ ખરેખર બ્રહ્મચર્ય નથી.

એટલે કહ્યું કે '**તે ચારિત્ર નથી.**' આ તો સાધારણ છે. પણ મુનિદશાના અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રતનો રાગ એ પણ અચારિત્રભાવ છે. મુનિરાજ પોતે એમ કહે છે કે એ પ્રમાદ દશામાં ઉત્પન્ન થતાં પરિણામ છે. અમારી આત્માની શુદ્ધિપૂર્વક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે, મોક્ષમાર્ગમાં અમે ઊભા છીએ, છતાં પણ આ જે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના પ્રમાદ દશામાં વિકલ્પ આવે છે તે અચારિત્રભાવ છે. જેને વ્યવહાર ચારિત્ર જિનેન્દ્ર કહે છે તે નિશ્ચયે તો અચારિત્ર છે. અજ્ઞાનીને મિથ્યાદષ્ટિને તો એ પ્રશ્ન રહેતો નથી. પણ સાચા મુનિ ભાવલિંગી સંત હોય તોપણ એનું સ્વરૂપલીનતા ચારિત્ર તે ચારિત્ર છે. એના પણ રાગાદિ ભાવ તે ચારિત્ર નથી. વ્યવહાર રત્નત્રય કહે છે ને. આ સાથે નિશ્ચય રત્નત્રય છે એટલે એને પણ માન આપ્યું છે રતન કહીને. પણ છતાં એ રતનને છોડી દેવાની વાત છે.

'સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો.' શું કીધું છે? વાત લીધી ને? સંયમની પ્રવર્તના. મન-વચન-કાયથી સંયમની જે પ્રવર્તના છે તે જિન આજ્ઞા આધીન છે એટલે જિનેન્દ્રએ કહેલી મર્યાદા અનુસાર છે. એ મર્યાદા તોડીને નહિ. તોપણ એમાં એક શરત છે કે સ્વરૂપલક્ષે. સ્વરૂપનું લક્ષ છોડીને નહિ. એ જે કાંઈ થાય છે તે સ્વરૂપના લક્ષે થાય છે. બાહ્ય ત્યાગ બાહ્ય ત્યાગના લક્ષે ધર્મીને હોતો નથી. બહુ મોટો સિદ્ધાંત છે આ. અરે..! શાસ્ત્ર સ્વાધ્યાય આદિ કોઈપણ પ્રક્રિયા, બાહ્ય ત્યાગની પ્રક્રિયા કે શાસ્ત્ર સ્વાધ્યાયની પ્રક્રિયા કોઈપણ ક્રિયા ધર્મીને સ્વરૂપલક્ષે હોય આ એક બહુ મોટી શરત છે.

મુમુક્ષુ :- સ્વરૂપ લક્ષે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપલક્ષમાંથી ખસ્યા વિના. હું પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ રાગાદિ અને પર સંયોગથી રહિત છું એવા સ્વરૂપના લક્ષપૂર્વક-એવો છું એમ એના જ્ઞાનમાં લક્ષ રહે છે એ પૂર્વક-બધી ક્રિયાઓ છે. અને ત્યારે તે ક્રિયાને વ્યવહાર એવું નામ મળે છે. એટલે વ્યવહાર કહેવા પૂરતી કિંમત સ્વરૂપલક્ષના કારણે છે. જો સ્વરૂપલક્ષ ન હોય તો તે વ્યવહાર પણ નથી. બધી ગડબડ છે. વ્યવહારના નામે બધી ગડબડ છે. નિશ્ચય તો છે જ નહિ પણ એ વ્યવહારના નામે બધી ગડબડ છે. લોકો તો નિશ્ચય માનીને કરે છે કે આ ધર્મ થઈ ગયો. પણ એ તો ત્યાં પ્રશ્ન જ નથી.

'**બાહ્ય ત્યાગ તે ચારિત્ર નથી. અજ્ઞાની કહે છે કે બાહ્ય વસ્તુ છોડો તો અંતરમાં રાગ છૂટશે, પણ તે વાત ખોટી છે.**' શું સિદ્ધાંત લોકોએ પકડ્યો છે? મૂળ રસ્તો ન મળ્યો એટલે મૂળ રસ્તો શોધવાને બદલે આડે રસ્તે ચડી ગયા. એટલે બાહ્ય વસ્તુ છોડો, બાહ્ય વસ્તુ છોડશો એટલે રાગ પણ છૂટશે. અને કેટલાકને એમ પાછું લાગે કે હવે અમને વિકલ્પ નથી. પહેલા વિકલ્પ થતો હતો પણ અમે જે આ પ્રતિજ્ઞા કરી, વ્રત લીધું, પચ્ચખાણ લીધું, હવે અમને વિકલ્પ થતો નથી. તો રાગ છૂટ્યો કે નહિ? ત્યાગ કરવાથી રાગ છૂટ્યો કે ન છૂટ્યો? કે નથી છૂટ્યો તને. એ છૂટ્યો, ન છૂટ્યો એની પણ તને ખબર પડતી નથી. આમ છે. એ છૂટ્યો છે એ વાત સાચી છે? બિલકુલ તદ્દન ખોટી વાત છે, એમ કહે છે.

અરાગી-વીતરાગી સ્વરૂપના ગ્રહણથી વીતરાગતા ઉત્પન્ન થાય ત્યારે રાગ છૂટે. હવે એ રાગરહિત સ્વરૂપનું

ગ્રહણ થયું નહિ અને પદાર્થનો સંયોગ મટ્યો અને વિકલ્પ ન દેખાણો થોડીવાર. પાછો થઈ જવાનો છે એ તો થોડી વાર નથી. એટલે તું એમ માને થોડી વારમાં કે હવે મને વિકલ્પ સદાને માટે છૂટી ગયો, તો એ વાત તારી ખોટી છે. તું છેતરાઈ ગયો છો. તારો વિકલ્પ ખરેખર છૂટ્યો નથી. રાગ છૂટ્યો નથી, રાગ પડ્યો છે. એ જ્ઞાન વગરનો રાગ-સ્વરૂપને ગ્રહણ કરવાના જ્ઞાન વિનાનો રાગ-રૂંધાયેલો કષાય છે. ઠીક! ઓલો પણ મંદ કષાયમાં પ્રવર્તે છે અને આપ એમ કહો છો કે રૂંધાયેલો કષાય છે? કહે, હા એ ઉપર ઉપરથી કષાય મંદ છે. અંદરમાં તો બરાબર ભરાઈ ગયેલો છે. આમ છે. એ જ્ઞાનીની નજર છે.

મુમુક્ષુ :- સોગાનીજીએ કીધું, બીજી દુકાન ખોલે ઓલી બંધ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દુકાને ચોપડા વહી ખાતા ફેરવતો હતો અને અહીં આવીને શાસ્ત્ર ફેરવે છે. બેમાં કાંઈ ફેર નથી. એમ લીધું. એ શાસ્ત્ર વાંચનની ક્રિયા ઉપર લીધું છે.

સ્વરૂપલક્ષ કર. પહેલામાં પહેલી વાત એ છે. સ્વરૂપલક્ષ વિનાની ક્રિયા એ લક્ષ વગરના બાણ છોડવા જેવું છે. કોઈ માણસ અંધારામાં એક પછી એક તીર છોડ્યા જ કરે. શું એનો અર્થ છે? આખી રાત લડાઈ કરી. જેટલા બાણ હતા એ બધા વાપરી નાખ્યા. પણ ક્યાં નાખ્યા એ તો કહે. એ કાંઈ જોવાનું નહિ. એ તો અંધારું ઘોર હતું શું દેખાય? આપણે તો છોડ્યા જ કર્યા. એ વ્યર્થ પરિશ્રમ કર્યો. બીજું કાંઈ થયું નથી. લક્ષ વગરનું બાણ છે એ. જે કોઈ ક્રિયા થાય એમાં મુખ્ય વાત એનું લક્ષ ત્યાં છે, એના ઉપર છે.

માણસ વ્યવહારમાં પણ શું કરે છે? હજારો કાયદાઓ છે. કાયદા અનુસાર સરકાર રાજ કરે છે? કાયદા પ્રમાણે રાજ કરે છે? એમ નહિ. કાયદા તેના તે રહે છે. ગમે તે સરકાર આવે ને જાય એની પોલીસી શું છે? એમ કહે. એની પોલીસી શું છે? એટલે ક્યા લક્ષે કાયદાનો ઉપયોગ કરવો? કાયદાનો ઉપયોગ તો કાયદાનો કરવો પડશે. પણ ક્યા લક્ષથી કરવો છે? આ પ્રશ્ન છે. અને એના ઉપર બધી વાત નિર્ભર થઈ ગઈ. તમામ તેના ઉપર નિર્ભર થઈ ગઈ. એમ બધી વાત. અહીંયાં પણ આપણે એક બોલ આવી ગયો, બહુ સારો બોલ હતો. લક્ષના વિષય ઉપર. ૩૫૯ છે. ૩૫૯. ઈ જ છે. ૩૫૯. ૯૪ પાનું.

'**હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે.**' ક્યા જીવની વાત લીધી છે? જેને સ્વરૂપ સન્મુખ થઈને સ્વાનુભવ થાય એવા જીવની વાત છે. '**તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે...**' જુઓ! લક્ષ રહે ત્યારે એનું જોર રહે. લક્ષ રહે ત્યારે એનું વજન રહે, લક્ષ રહે ત્યારે એની રુચિ ત્યાં રહે. '**તે જીવને...**' એટલે એ રુચિ શ્રદ્ધામાં જાય છે. જોર પુરુષાર્થમાં જાય છે, લક્ષ જ્ઞાનમાં જાય છે અને પરિણામ વળે છે એ બાજુ એ ચારિત્રમાં જાય છે. એ લક્ષને આધારિત છે બધું.

'**તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે...**' આ એટલે વિદ્યમાન પ્રત્યક્ષ. '**એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું.**' નિર્ભ્રાંત દર્શનમાં આ લીધું છે.

'**જ્ઞાયક છું. એવા દઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ.**' ગુરુદેવના અનેક પ્રવચનોમાં જ્યાં સ્વરૂપ લક્ષનો મુમુક્ષુને વિષય નિરૂપણ કર્યો છે ત્યાં એને સંસ્કારની વાત કરી છે સાથે સાથે. અનેક પ્રવચનોમાં. જ્યાં લક્ષની વાત કરી છે ત્યાં સંસ્કાર પડવાની વાત કરી છે. એ જીવને પુરુષાર્થની ઉગ્રતા થઈને, સન્મુખતા તો થઈ ગઈ છે, ઉગ્રતા થઈને અનુભવ પર્યંત ન પહોંચે તો એને સંસ્કાર પડી જશે. એ સંસ્કારના બળે પાછો

બીજા ભવમાં પણ સ્વ તત્ત્વને, સ્વદ્રવ્યને પકડી લેશે. એમ કહેવું છે.

**'એવા દઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો.**' અપ્રતિહત ભાવ છે એ સંસ્કાર છે એ. એમ લીધું. એ વાત બહુ લે છે. અનેક જગ્યાએ એમના પ્રવચનોમાં જ્યાં લક્ષનો વિષય આવ્યો છે ત્યાં સંસ્કારની વાત કરી છે.

હવે શું કહે છે? એ રીતે બાહ્ય વસ્તુના ત્યાગમાં રાગનો ત્યાગ થશે એવી ભ્રાંતિમાં રહેવા જેવું નથી. એ ભ્રાંતિગત વાત છે. ત્યાંથી શરૂ કરવાને બદલે રાગરહિત પરમાત્માના અસ્તિત્વનું ગ્રહણ કરવું તો રાગ પણ મટે અને સંયોગનો ત્યાગ સહજપણે આપોઆપ થઈ જાય. કરવો પડે નહિ પણ થઈ જાય. એવી પરિસ્થિતિ ઊભી થાય, એવો સવળો રસ્તો કાં ન પકડવો? અને એ સવળો રસ્તો છોડીને ઊંધો રસ્તો કાં પકડવો?

કેટલાક જીવો તો સવળો રસ્તો જાણતા નથી અને અનાદિથી ઊંધે રસ્તે છે. પણ જેને આ મળ્યું એને તો પોતાની વિપરીતતા અને અસરળતા છોડીને સરળપણે સવળા રસ્તાનું ગ્રહણ કરી લેવું જોઈએ. સાંભળવા મળ્યું પછી તો એણે પોતાની વાતની પક્કડ મૂકી દેવી જોઈએ ને. કે હવે આ ત્યાગથી રાગ મટાડવાની વાત છોડી દ્યો. ત્યાગથી રાગ નહિ મટે. રાગ વીતરાગતાથી મટશે અને વીતરાગતા વીતરાગ સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી ઉત્પન્ન થશે. આમ રસ્તો પકડવાની જરૂર છે. એના બદલે બહારમાં અનાદિનો જે પહેલા ગ્રહણની લડાઈ કરતો હતો કે આ લઉં... આ લઉં... દુનિયા આખી એને ઘરે કરવી હતી. મેળવવા માટે ઝાંવા નાખતો હતો. હવે છોડવા માટેનો પ્રયત્ન કરવા માંડ્યો. કહે હવે છોડી દ્યો. આ બધું છોડી દઉં. બધું છોડી દઉં... બધું છોડી દઉં.. એમ રહેવા દે. એ માર્ગ નથી, એ ઉપાય નથી. ઉપાય તો અંદરમાં તારો જે પરમાત્મા છે, પરમપદ છે, નિર્દોષ પરમાત્મા છે એની શ્રદ્ધા કર, એનું જ્ઞાન, એમાં લીન થા ત્યારે તને બધું સવળું છે અને નહિતર એકેય વાત સવળી નથી. તારું બધું સવળું છે. એમ થતાં બધું સવળું છે. અને નહિતર એકેય વાત સવળી નથી. એમ રસ્તો સાચો પકડવો જોઈએ. ખોટે રસ્તે એનું સાચું ફળ મળે, સાચી જગ્યાએ પહોંચાય એમ બનતું નથી. અહીં સુધી રાખીએ...


## નવીન પ્રકાશન
## અધ્યાત્મ સુધા ભાગ-૧૧

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા ભાગ-૧૧' પ્રકાશિત કરવામાં આવેલ છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનઓ સ્વાધ્યાયાર્થ મંગાવવું હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવી શકે છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.



**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે-૨૦૧૮)નું શુલ્ક**
**એક મુમુક્ષુ, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,**
**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :-** સંસારમેં દુઃખ લગે ઔર આત્માકી મહિમા આવે તો વો આત્માકી ખોજ કરે-ક્યા યે યોગ્ય હૈ?

**સમાધાન :-** જિસકો સંસારમેં દુઃખ લગે ઔર આત્માકી જિજ્ઞાસા-પિપાસા લગે ઉસકો આત્માકી મહિમા આવે, જિસકો સંસારમેં તન્મયતા હોતી હૈ ઉસકો અપની મહિમા નહીં આતી. દુઃખ લગે કિ યહ સંસાર અચ્છા નહીં હૈ, દુઃખરૂપ હૈ તથા આત્માકા વૈભવ જગતમેં અનુપમ હૈ ઐસી ઉનકી જિજ્ઞાસા લગે, મહિમા આવે તો આત્માકો દેખનેકા પ્રયત્ન કરે. યહ આત્મા કૌન બતાવે? આત્મા કહાં હૈ? ઐસી જિજ્ઞાસા હોતી હૈ તો વહ ખોજ કરતા હૈ. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૨)**

❈

**પ્રશ્ન :-** પરને જાણવું દુઃખનું કારણ કે રાગ કરવો તે દુઃખનું કારણ છે?

**સમાધાન :-** પરને જાણવું તે દુઃખનું કારણ નથી. પર પ્રત્યે રાગ કરવો તે દુઃખનું કારણ છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૩)**

❈

**પ્રશ્ન :-** મારે આત્મા જ પ્રાપ્ત કરવો છે એવી જે ભાવનાથી ઊપડ્યો હતો તે ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય?

**સમાધાન :-** મારે આત્માનું જ કરવું છે તે ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય. આત્મા જ સર્વસ્વ છે એમ કરીને નિર્ણય કર્યો હોય અને જો ભાવના ફરી જાય તો તેનો નિર્ણય પણ ડામાડોળ થવાનો અવકાશ છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૪)**

❈

**પ્રશ્ન :-** સ્વાનુભૂતિની દશા તો વચનાતીત છે, પણ આપે જે ઇશારો કર્યો છે તેમાં થોડું વિશેષ કહો.

**સમાધાન :-** જે વચનથી કહેવાની વાત નથી. સ્વાનુભૂતિમાં આનંદ-તરંગો ઊછળે છે. આત્માનો સ્વભાવ અદ્ભુત, અપૂર્વ ને આશ્ચર્યકારી છે. આત્મામાં આનંદગુણ છે તો સ્વાનુભૂતિ થતાં આત્મા આનંદ-તરંગોમાં ડોલે છે. અનંત ગુણ અને પર્યાયોથી ભરપૂર આત્માનું જેવું સ્વરૂપ છે તેવું સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થાય છે. સ્વાનુભૂતિમાં જે આનંદ તરંગોમાં આત્મા ડોલે છે એ આનંદ જગતથી જુદો અને ન્યારો છે તથા વચનમાં આવે તેવો નથી. જોકે કહેવાય એમ કે આત્મા આનંદ તરંગોમાં ડોલે છે, બાકી અનંત ગુણની વિભૂતિ તેને પ્રગટ થાય છે, તેમાં તે ડોલે છે. મુખ્યપણે (વેદનમાં) આનંદગુણ છે એટલે આનંદ તરંગોમાં ડોલે છે એમ કહેવાય છે.

દ્રવ્ય (સર્વથા) ફૂટસ્થ છે અને કાંઈ કાર્ય કરતું નથી એમ નથી. તે પરિણમે છે, પર્યાયોના તરંગો ઊછળે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં તેને પર્યાય ઉપર દૃષ્ટિ નથી, પણ તેથી તેને સ્વાનુભૂતિની પર્યાય પ્રગટ થતી નથી

એવું નથી. પર્યાયોમાં આનંદના તરંગો ઊછળે છે અને તે વચનાતીત છે, વચનમાં આવે એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિત આત્મા અપૂર્વ છે, અદ્‌ભુત છે ને આશ્ચર્યકારી છે. અનુભૂતિ થતાં તે આનંદતરંગમાં ડોલે છે- આવું એ જગતથી જુદું તત્ત્વ છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૫)**

❉

**પ્રશ્ન :-** ક્રોધનો ઉદય આવે તો તેનાથી બચવા માટે જ્ઞાની શું કરતો હોય?

**સમાધાન :-** હું તો શાંત સ્વરૂપી છું. એવી જ્ઞાયકની પરિણતિ જ્ઞાનીને પ્રગટ થઈ હોવાથી જ્ઞાયકની દોરી તેને ક્રોધથી પાછો ખેંચી લે છે, મર્યાદા બહાર ક્રોધમાં તે જતો નથી. તેને એવું ભેદજ્ઞાન છે કે ક્રોધમાં એકત્વ થતું નથી, ક્રોધથી જુદો ને જુદો રહે છે. આવી ભેદજ્ઞાનની ધારા તેને વર્તે છે.

મુમુક્ષુ :- ઉપયોગ તો ક્રોધમાં હોય તો શું ઉપયોગને પાછો વાળવાનો પ્રયત્ન કરે છે?

બહેનશ્રી :- ઉપયોગ ભલે ક્રોધમાં હોય; પણ જ્ઞાયકની દોરી ચાલુ જ છે. તેથી ક્રોધમાં એકત્વ થતો નથી અને ઉપયોગને પાછો વાળવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનીની પરિણતિ તો જુદી ને જુદી રહે છે જ, પરંતુ ઉપયોગ પણ વધારે બહાર છે, વિરક્તિની પરિણતિ પ્રગટી છે તથા જ્ઞાયક તેના હાથમાં છે, તેથી અંદર પરિણતિ જુદી પરિણમે છે. અમુક અંશે સ્થિરતા-લીનતાના કારણે અમુક અંશે શાંતપણું તેને છૂટતું જ નથી. બહારથી ગમે તે દેખાય, પણ ક્રોધમાં એકદમ આકુળવ્યાકુળ થતો નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૬)**

❉

**પ્રશ્ન :-** સર્વજ્ઞકી પ્રતીતિપૂર્વક ક્રમબદ્ધકો સમજે ઉસમેં પુરુષાર્થ આતા હૈ?

**સમાધાન :-** પુરુષાર્થ ઈસમેં આતા હી હૈ. ભગવાનને ક્રમબદ્ધ દેખા હૈ વહ પુરુષાર્થકે સાથ દેખા હૈ. જો જીવ પુરુષાર્થ કરતા હૈ ઉસકો ભવકા અભાવ હોતા હૈ. યદિ જ્ઞાયકકા પુરુષાર્થ કરતા હૈ-જ્ઞાતા હોતા હૈ તો ભવકા અભાવ હોતા હૈ. જો જ્ઞાયકકા પુરુષાર્થ કરતે નહીં ઔર ક્રમબદ્ધ કહતે હૈં તો ઉસે નુકસાન હોતા હૈ. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૭)**

❉

**પ્રશ્ન :-** જ્ઞાનીકી અંતરંગ દશા કૈસી હોતી હૈ?

**સમાધાન :-** જ્ઞાનીકી અંતરંગ દશા અલગ પ્રકારકી હૈ. ભેદજ્ઞાનકી સહજ ધારા નિરંતર રહતી હૈ. જ્ઞાયકકી ધારા હોનેસે જો જો વિકલ્પ ઉઠતે હૈં વહ સબસે જ્ઞાની ભિન્ન રહતે હૈં ઔર જ્ઞાની વિકલ્પરૂપ જ્ઞાયક નહિ, પરિણતિરૂપ જ્ઞાયક રહતા હૈ.

જૈસે અજ્ઞાનીકો અનાદિસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ, વૈસે જ્ઞાનીકો ભેદજ્ઞાનકી પરિણતિ સહજ ચલતી હૈ, સહજ પુરુષાર્થ હૈ. બાહરમેં સબ દિખનેમેં આતા હૈ કિન્તુ ઉસકા અંતર ગ્રહણ કરે તો ઉસકી દશા પકડનેમેં આતી હૈ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની બાહરસે તો ગૃહસ્થાશ્રમમેં રહતા હૈ લેકિન ઉસકા અંતરંગ પરિચય હોવે તો ખ્યાલમેં આવે કિ ઉસકા હૃદય ભીતરમેં ક્યા હૈ? જો જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હોવે ઉસકો પિછાનના મુશ્કિલ હોતા હૈ.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૮)**

❉

**પ્રશ્ન :-** આપકે વચનામૃતમેં જ્ઞાન-વૈરાગ્યકી ધારાકા કહીં બાર ઉલ્લેખ આયા હૈ. તો ઉસમેં ક્યા ભાવ લેના?

**સમાધાન :-** મૈં તો જ્ઞાયકસ્વરૂપ હૂં, વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ-ઐસે જ્ઞાયકકો યથાર્થ પીછાનકે ગ્રહણ

કરતા હૈ તબ સભી વિભાવસે વિરક્ત હોતા હૈ. જો જો કાર્ય બાહરમેં હોતા હૈ ઔર ભીતરમેં જો જો વિકલ્પ આતા હૈ વહ સબસે ન્યારા હો જાતા હૈ ઔર વહી સચ્ચા ન્યારા હો ગયા હૈ. અલૌકિક જ્ઞાનસે જ્ઞાયકકો ગ્રહણ કરતે હી જ્ઞાન-વૈરાગ્યકી ધારા નિરંતર ચલતી હૈ. ઉસકા હૃદય શુષ્ક નહીં હોતા લેકિન વૈરાગ્ય-જ્ઞાનકી ધારા નિરંતર ચલતી હૈ. યદિ જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હો તો મૈં કબ મુનિ હોઉં, કબ કેવલજ્ઞાન હોવે ઐસી ભાવના અર્થાત્ વારંવાર ભીતરમેં જાનેકી ભાવના અંતરમેંસે બહોત આતી હૈ. (જ્ઞાયકકી) પરિણતિ નિરંતર ચલતી હૈ, કભી કભી નિર્વિકલ્પ દશા હોતી હૈ ઔર ભેદજ્ઞાનકી ધારા નિરંતર રહતી હૈ. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૯)**

❉

**પ્રશ્ન :-** આત્મા શરીરથી ભિન્ન છે તે તરત ખ્યાલમાં આવે છે, પણ જે વિભાવભાવો થાય છે તેનાથી ભિન્નતાનો ખ્યાલ આવતો નથી?

**સમાધાન :-** તે મુશ્કેલ છે. શરીર જડ છે અને તે દેખાય છે તેથી તેનાથી ભેદજ્ઞાન કરવું સહેલું લાગે છે. ઉપયોગ સૂક્ષ્મ થાય ને અંદરથી પોતાને રસ-રુચિ લાગે તો વિભાવથી છૂટો પડે. વિભાવથી છૂટા પડવું તેને મુશ્કેલ પડે છે પરંતુ અંદરથી એટલી તૈયારી હોય તો છૂટો પડી શકે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૦)**

❉

**પ્રશ્ન :-** આત્મા કેમ દેખાય? આત્મામાં લીન થવા પ્રયત્ન કરીએ છીએ, પણ અંધકાર જ દેખાય છે?

**સમાધાન :-** જ્ઞાયક જ્યોતિને ઓળખે તો આત્મા દેખાય. જ્ઞાયકને ઓળખવો જોઈએ કે આ રહ્યો હું આત્મા... આ રહ્યો હું જ્ઞાયક, જેવી ચૈતન્યસ્વભાવ વસ્તુ છે તેવી પોતે શ્રદ્ધા કરે, ઓળખે તો તેને દેખે. ''નિજ નયનની આળસે રે... નીરખ્યા ન નયણે હરિ.'' પોતાના નયનની આળસે આંખ ખોલીને પોતે જોતો નથી તો ચૈતન્ય ભગવાન દેખાય ક્યાંથી? પોતે જોતો જ નથી, તો પછી અંધારું જ દેખાય ને! પોતાના જ્ઞાનરૂપ ચક્ષુને ખોલતો નથી એટલે દેખાતો નથી, અને જો ખોલે તો દેખાય. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૧)**

❉

**પ્રશ્ન :-** આત્માકો દેખનેકે લિયે મન તો બહુત કરતા હૈ?

**સમાધાન :-** લેકિન ઈસકા ઉપાય નહીં કરતા હૈ. આત્માકો દેખનેકા ઉપાય કરના ચાહિયે કિ ભીતરમેં કૈસે જાવે? ઈસકા ક્યા ઉપાય હૈ? ઐસે ઉપાય કરના ચાહિયે. અનાદિકા દૂસરા અભ્યાસ હોનેસે બાહર હી બાહર રહતા હૈ, લેકિન ઉપાય કરે તો ભીતરમેં જાવે. દૂસરા કોઈ નહીં હૈ, આપ હી હૈ. અપના સ્વભાવ હૈ વહ સહજ હૈ, સરલ હૈ, તો ભી અનાદિકાલસે દૂસરા અભ્યાસ હી રહા હૈ ઔર બાહર હી બાહરમેં ભટક રહા હૈ ઈસલિયે યહ દુર્લભ હો રહા હૈ. ભીતરમેં અપના સ્વભાવ હૈ વહ સરલ હૈ, લેકિન પુરુષાર્થ નહીં કરતા હૈ તો દિખતા નહીં હૈ. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૨)**

❉

**પ્રશ્ન :-** વિકલ્પ સહજ છે તે કઈ રીતે?

**સમાધાન :-** કોઈ અપેક્ષાએ વિકલ્પ સહજ છે. વિકલ્પ-વિભાવ જે થાય છે તેનો હું કર્તા નથી, હું જ્ઞાયક છું તે અપેક્ષાએ વિકલ્પ સહજ છે એમ કહ્યું છે. બાકી પોતાના પુરુષાર્થની મંદતાએ તે થાય છે અને પોતે સ્વરૂપ તરફ વળી જાય તો વિકલ્પ છૂટી જાય છે. આમ બે અપેક્ષાઓ રહેલી છે. વિકલ્પ એકલો સહજ જ છે એટલે કે જે થવાનું હોય તેમ થાય છે એવું એકાન્ત લેવાથી નુકસાનનું કારણ થાય છે. જેમ થવાનું હોય તેમ થાય, પોતે કાંઈ કરી શકતો નથી, પુરુષાર્થ કરે તો પણ વિકલ્પ છૂટે નહિ એવો સહજનો અર્થ નથી. તે વિકલ્પ પોતાનો

સ્વભાવ નથી તેથી દ્રવ્ય અપેક્ષાએ તેનો કર્તા નથી, અને માટે તેને સહજ કહ્યો; પણ બીજી અપેક્ષાએ વિકલ્પને પોતાનો લેવો કે પુરુષાર્થની મંદતાએ તે થાય છે અને પોતે સ્વભાવ તરફ વળે અને જ્ઞાયક થાય તો છૂટી જાય છે.-એમ બે અપેક્ષા છે. વિભાવ જ્યારે થવાનો હોય ત્યારે થાય એમ એક જ અપેક્ષા અર્થાત્ એકાન્ત લેવાથી નુકસાન થાય છે, શુષ્કતા જેવું થઈ જાય છે કે થવાનું હોય તેમ થાય, આપણે કાંઈ કરી શકતા નથી, વિકલ્પ છૂટવાનો હોય ત્યારે છૂટશે એમ એકાન્ત નથી. પોતાના પુરુષાર્થની મંદતાને લઈને પોતે તેમાં રોકાયેલો છે, પોતાની પરિણતિની મંદતા છે માટે થાય છે અને પુરુષાર્થ કરે તો છૂટી જાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૩)**

❉

**પ્રશ્ન :-** સમ્યગ્દર્શન પ્રગટ કરવા, પહેલાં પ્રમાણજ્ઞાનથી પુરુષાર્થ ઉપાડીએ કે ધ્રુવ-જ્ઞાયકના જોરથી પુરુષાર્થ ઉપાડીએ? કઈ રીતે છે?

**સમાધાન :-** બંને ભેગું છે. હું જ્ઞાયક છું, ધ્રુવ છું એવું જોર હોય અને પર્યાયમાં અધૂરાશ છે તેનું જ્ઞાન હોય-એ બંને રીતે પુરુષાર્થ ઊપડે છે. દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે એવું જોર હોવા છતાં દ્રવ્યમાં શુદ્ધતા છે અને પર્યાયમાં અશુદ્ધતા છે એમ બંનેનું જ્ઞાન પ્રમાણમાં સાથે રહે છે. પરિણતિ ભલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે, (દૃષ્ટિ ભલે દ્રવ્યની હોય) તો પણ જ્ઞાન સાથે જ રહે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૪)**

❉

**પ્રશ્ન :-** પુરુષાર્થ કરવા માટે જોર કોના ઉપર આપવું?

**સમાધાન :-** જોર દ્રવ્ય ઉપર જાય છે, પણ જ્ઞાન સાથે રહે છે. એકલું દ્રવ્ય ઉપર જોર જાય અને પર્યાય કાંઈ છે જ નહિ એમ માને તો દ્રવ્ય ઉપરનું જોર ખોટું થાય છે. દ્રવ્ય ઉપર જોર રાખે અને પર્યાયમાં રાગ કે કાંઈ નથી એમ જાણે તો દ્રવ્યનું જોર ખોટું થાય છે. બંને-દૃષ્ટિ ને જ્ઞાન સાથે રહે છે. અને તો જ તેની દ્રવ્યદૃષ્ટિ પણ સમ્યક્ છે. સમ્યગ્જ્ઞાન સાથે ન હોય તો દ્રવ્યદૃષ્ટિ પણ સમ્યક્ નથી. ભલે દ્રવ્ય ઉપરનું જોર મુખ્ય રહે તો પણ (પર્યાયનું) જ્ઞાન સાથે રહે છે. એટલે પ્રમાણજ્ઞાન કાંઈ કામનું નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક પ્રમાણજ્ઞાન સાથે જ રહે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૫)**

❉

**પ્રશ્ન :-** પ્રમાણજ્ઞાન કામનું છે તે કેવી રીતે?

**સમાધાન :-** દ્રવ્યદૃષ્ટિ ગ્રહણ કરતાં દ્રવ્ય શુદ્ધ છે એમ જોર આવવા છતાં પર્યાયમાં અશુદ્ધતા છે તે ખ્યાલ જ્ઞાનમાં છે. જ્ઞાનને શુદ્ધતા અને અશુદ્ધતા-બંનેનો ખ્યાલ છે. અને તેથી અશુદ્ધતાને ટાળવાનો પુરુષાર્થ ઊપડે છે. માટે તે પણ કામનું છે. અશુદ્ધતા ટાળવી છે અને શુદ્ધ પર્યાય પ્રગટ કરવી છે તેને માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર હોય છે. છતાં હજી પર્યાયમાં અશુદ્ધતા છે અને શુદ્ધ પર્યાય પ્રગટ કરવી છે તેથી પ્રમાણજ્ઞાન પણ કામનું છે. દ્રવ્યદૃષ્ટિના જોરથી અને પ્રમાણજ્ઞાનથી-બંનેથી પુરુષાર્થ ઊપડે છે. બેમાંથી એક જ હોય તો દૃષ્ટિ ને જ્ઞાન બંને ખોટાં થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ન હોય અને માત્ર જ્ઞાનથી વિચાર કરે તો પણ જ્ઞાન સમ્યક્ થતું નથી. અને દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર હોય અને જ્ઞાન કામ ન કરે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર એકાન્ત થયું. અર્થાત્ પર્યાયનો-સ્વરૂપગ્રહણનો પુરુષાર્થ થયો કે નહિ તેનો-કાંઈ ખ્યાલ જ નથી તો દ્રવ્યદૃષ્ટિ ખોટી થાય છે. મુક્તિના માર્ગમાં બંને કામ કરે છે. મુખ્યતા ભલે દ્રવ્યદૃષ્ટિના જોરની હોય, પણ પ્રમાણજ્ઞાન સાથે હોય છે. બંને સાથે ને સાથે કામ કરે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૬)**

❉

ત્યાં સુધી નહીં. અને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે. નિર્વિકલ્પતા તો છે જ; પરંતુ નિવૃત્તિ નથી, નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યાર પછી ત્યાગ જોઈએ, અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઈએ.

મહાન પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે, શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે; અને એ જ પ્રગટ માર્ગ કહેવા દેવાની ઈશ્વરી ઈચ્છાનું વલણ જણાય છે.

આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઈચ્છા થતી નથી. આપની ઈચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે; અથવા ઘણા પરિચયમાં આવેલા યોગપુરુષની ઈચ્છા માટે કંઈક અક્ષર ઉચ્ચાર અથવા લેખ કરાય છે. બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ કરવાની ઈચ્છા બાંધી રાખી છે. તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.

આટલા કારણથી દીપચંદજી મહારાજ કે બીજા માટે કંઈ લખતો નથી. ગુણઠાણાં ઈત્યાદિકનો ઉત્તર લખતો નથી. સૂત્રને અડતોય નથી. વ્યવહાર સાચવવા થોડાંએક પુસ્તકોનાં પાના ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે. તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ, પંચમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી ઈચ્છા લાગે છે.

તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે... આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈ જ નથી. આ નિર્ણય ઘણાય વખત થયાં કરી રાખ્યો છે. જોકે તીર્થંકર થવા ઈચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઈચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઈ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઈ છે, પણ ચાહીને શમાવવાની ઈચ્છા રાખી નથી.

આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું. અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યું ઘણું કરી જાણશો.

ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમશ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વભાવિક ઉપશમ થવા રૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે.

દશપૂર્વધારી ઈત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરું છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમાં છે. બાકીના ગુફામાં છે. કોઈ કોઈ જાણે છે પણ તેટલું યોગબળ નથી.

કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે.

એ જ વિનંતિ.

**વિ. આ. રાયચંદ**




**૧૬૬**

**મુંબઈ, કાર્તિક સુદ ૬, ભોમ, ૧૯૪૭**

સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?

નીચેના વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષના સર્વોત્તમ કારણરૂપ બન્યા છે :-

૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.

૨. કોઈ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.

૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.

**૧૭૦**

**મુંબઈ, કારતક સુદ ૧૪, ૧૯૪૭**

**પરમ પૂજ્ય શ્રી,**

આજે આપનું પત્ર ૧ ભૂધર આપી ગયા. એ પત્રનો ઉત્તર લખતાં પહેલાં કંઈક પ્રેમભક્તિ સમેત લખવા ઈચ્છું છું.

આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે, અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તુંહિ તુંહિ' વિના બીજી રટણા રહે નહીં; માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં. એ એકવાર જો યથાયોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર-વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી. પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. તેનું કરેલું સર્વ સવળું છે. આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે. અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો-પરમાર્થ પ્રકાશવો-

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**